ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિક્સ- ૨૦૨૩ રિપોર્ટ જાહેર

વિદેશી પ્રવાસીઓની દ્રષ્ટિએ ગુજરાત ભારતમાં પ્રથમ

Table: 19 Share of Top 10 States/UTs of India in Number of Foreign Tourist Visits in 2022

S.No	State/UT	FTVs in Million	Percentage Share
1	Gujarat	1.78	20.70
2	Maharashtra *	1.51	17.60
3	West Bengal	1.04	12.08
4	Delhi *	0.82	9.50
5	Uttar Pradesh	0.65	7.56
6	Tamil Nadu	0.41	4.74
7	Rajasthan	0.40	4.62
8	Kerala	0.35	4.02
9	Punjab	0.33	3.84
10	Madhya Pradesh	0.20	2.38
	Total of Top 10	7.47	87.03
	Others	1.11	12.97
	Total	8.59	100.00



Source: State/ UT Tourism Departments
*: Data for 2022 is estimated by applying all India growth rate for 2022/19 on 2019 data

૧.૭૮ મિલિયન વિદેશી પ્રવાસીઓ સાથે ગુજરાત, દેશમાં ૨૦.૭૦ ટકાનો હિસ્સો ધરાવે છે : સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં ગુજરાત પાંચમા સ્થાને : ૧૩૫.૮૧ મિલિયન સ્થાનિક પ્રવાસીઓ ગુજરાતના પ્રવાસે : ભારતમાં સ્થાનિક પ્રવાસીઓમાં ગુજરાતનો હિસ્સો ૭.૮૫ ટકા : ૧.૭૮ મિલિયન વિદેશી પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી : ગુજરાત ATITHYAM પોર્ટલ પ્રકારનું પ્લેટફોર્મ વિકસાવનાર દેશનું પ્રથમ રાજ્ય



ગાંધીનગર, તા.૪

કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિક્સ-૨૦૨૩ના અહેવાલ મુજબ વિદેશી પ્રવાસીઓની દ્રષ્ટિએ ગુજરાતે ભારતમાં પ્રથમ સ્થાન અને સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. રિપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૨૨ માં ૮.૫૯ મિલિયન વિદેશી પ્રવાસીઓએ ભારતની મુલાકાત લીધી હતી. જેમાંથી ૧.૭૮ મિલિયન પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. એટલે કે વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ગુજરાતનો હિસ્સો દેશમાં ૨૦.૭૦% સાથે સૌથી વધુ રહ્યો છે. એ જ પ્રમાણે વર્ષ ૨૦૨૨ માં ૧૭૩૧.૦૧ મિલિયન સ્થાનિક પ્રવાસીઓએ દેશના વિવિધ રાજ્યોની મુલાકાત લીધી હતી. જેમાંથી ૧૩૫.૮૧ મિલિયન પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા એટલે કે સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં ગુજરાતનો હિસ્સો ૭.૮૫% સાથે દેશમાં પાંચમા સ્થાને રહ્યો છે. રાજ્યના પ્રવાસન વિભાગના જણાવ્યાનુંસાર ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે ગત વર્ષોમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રવાસનને એક મિશન મોડ તરીકે લેવાના અનુરોધના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રવાસન ક્ષેત્રે કરવામાં આવેલી વિવિધ પહેલો તેમજ પ્રવાસન ક્ષેત્રના સર્વાંગી વિકાસના પરિણામે આજે ગુજરાત પ્રવાસીઓને આકર્ષવામાં સફળ રહ્યું છે. પ્રવાસન વિભાગ દ્વારા ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ગુજરાતમાં આવતાં પ્રવાસીઓ માટે અનેકવિધ ડિજિટલ પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યા છે. જેના ભાગરૂપે પ્રવાસન દ્વારા મહત્વનું એવું છૈંઉઁરૂછઽ પોર્ટલ પ્રકારનું પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે. ગુજરાત આ પ્રકારનું પ્લેટફોર્મ વિકસાવનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ પોર્ટલ ગુજરાતમાં આવતાં પ્રવાસીઓની સંખ્યાને ટ્રેક કરવા માટે રીઅલ-ટાઈમ ડેશબોર્ડ છે. સમગ્ર રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા મોનિટર કરવા આ એક મહત્વનું પ્લેટફોર્મ છે. આ ડેશબોર્ડમાં મુખ્ય ૩ ઘટકો જેમ કે જિલ્લા કક્ષાનો ફૂટફોલ, ડેસ્ટિનેશન લેવલ ફૂટફોલ અને સૈંજી રિપોર્ટ શેરિંગ છે. ડેશબોર્ડની અન્ય વિશેષતાઓમાં પ્રવાસીઓની વિગતવાર પ્રોફાઈલ જેવી કે ઉંમર, મૂળ સ્થાન, પ્રકાર, પ્રવાસનો હેતુ વગેરેનો સમાવેશ થાય છે. રાજ્યના જીએસડીપીમાં પ્રવાસન ક્ષેત્રનું યોગદાન અને તેની ખર્ચના હેતુ પરની વિગતો પણ ડેશબોર્ડમાં ઉપલબ્ધ બનાવાઈ છે. રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યાને ડિજિટલ કરવાની આ પ્રકારની પ્રથમ પહેલ છે જેને ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવા સંદર્ભે લેવાયેલા નીતિ વિષયક નિર્ણયોમાં આ પ્લેટફોર્મ માઈલસ્ટોન સાબિત થયું છે.

ગુજરાતમાં રોજગારીનું પ્રમાણ વધે અને પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રવાસનની કેટેગરી મુજબ અનેકવિધ નવા પગલાં ભરવામાં આવ્યા છે. આધ્યાત્મિક ક્ષેત્રે યાત્રાધામ પ્રવાસન માટે દ્વારકાધીશ મંદિર, અંબાજી મંદિર, સોમનાથ મંદિર અને પાલિતાણા જૈન મંદિરો જેવા વિવિધ ધાર્મિક સ્થળો વિકસાવવામાં આવ્યા છે. પ્રવાસન વિભાગે માર્કેટિંગ ઝુંબેશ, ટ્રાવેલ એક્સપોઝ અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં સહભાગિતા દ્વારા ગુજરાતને પ્રવાસન સ્થળ તરીકે વધુને પ્રોત્સાહન આપ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સેક્ટરમાં પ્રવાસન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવામાં પ્રાધાન્ય આપીને હોટલ અને વાહનવ્યવહારની સુવિધા પ્રવાસીઓ માટે વધુ અનુકૂળ-આરામદાયક બનાવી છે. આ ઉપરાંત રાજ્યમાં હેરિટેજ ક્ષેત્રે સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો, ઐતિહાસિક સ્થળો અને પરંપરાગત તહેવારોએ રાજ્યની અનન્ય સાંસ્કૃતિક તકોનો અનુભવ કરવા રસ ધરાવતા પ્રવાસીઓને આકર્ષા છે.

૯ ફૂટથી ઊંચી ગણેશજીની મૂર્તિ સ્થાપિત કરવા પર પ્રતિબંધ મુકાયો

રાજકોટમાં ગણેશ મહોત્સવને લઈને જાહેરનામું ૨૯ સપ્ટેમ્બર સુધી અમલ કરાશે, જો કોઈ જાહેરનામાનો ભંગ કરશે તો તેમની સામે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી

રાજકોટ, તા.૪

ગણેશ મહોત્સવને લઈને રાજકોટ પોલીસ કમિશનરે એક જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં શહેરમાં ગણેશ મહોત્સવના પંડાલમાં ૯ ફૂટથી ઊંચી ગણેશજીની મૂર્તિ સ્થાપિત કરવા પર પ્રતિબંધ મુકાયો છે. સાથે જ (પ્લાસ્ટર ઓફ પેરીસ)ની મૂર્તિ બનાવવા કે વહેંચવા પર મનાઈ ફરમાવવામાં આવી છે.

રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે ગણેશ મહોત્સવના આયોજકો સાથે બેઠક યોજ્યા બાદ ગણેશ મહોત્સવને લઈને જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે. આ જાહેરનામામાં અલગ-અલગ ૯ જેટલા મુદ્દાઓનને આવરી લેવામાં આવ્યા છે. આ જાહેરનામાનો આજથી ૨૯ સપ્ટેમ્બર સુધી અમલ કરાશે. જો કોઈ જાહેરનામાનો ભંગ કરશે તો તેમની સામે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગણપતિ મહોત્સવના આયોજક જિમ્મી અડવાણીએ જણાવ્યું કે, રાજકોટ શહેર પોલીસ કમિશર દ્વારા ગણપતિ બાપ્પાની મૂર્તિને લઈને જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિ બનાવવા અને વહેચવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ની મૂર્તિ ખૂબ જ હાનિકારક છે. આ મૂર્તિનો ઉપયોગ ન થવો જોઈએ. દરેક આયોજકોએ માટીની મૂર્તિ બનાવવી જોઈએ. અમે તો છેલ્લા ૧૦ વર્ષથી ઈકોફ્રેન્ડલી મૂર્તિ બનાવીએ છીએ અને અન્ય ઘણા આયોજકો પણ આવી જ મૂર્તિ બનાવે છે. જે લોકો ઘરે ગણપતિ બેસાડે છે, તેઓએ પણ માટીની મૂર્તિ જ લાવવી જોઈએ.

જાહેરનામામાં આ બાબતનો કરાયો છે ઉલ્લેખ - ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિતની ૯ ફૂટ કરતા વધારે ઊંચાઈન બનાવવા, વેચવા, સ્થાપના કરવા પર પ્રતિબંધ. - ભગવાન ગણેશજીની મૂર્તિ પ્લાસ્ટ ઓફ પેરીસની બનાવવા કે વેંચવા કે સ્થાપના કરવા પર પ્રતિબંધ. - કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાનીવાળી મૂર્તિ બનાવવા, ખરીદવા તથા વેંચવા તેમજ સ્થાપના કરવા પર પ્રતિબંધ. - ઝઝૂફ કે ફાયર એક્સટીંગ્યુસર લગાવ્યા વિના ગણેશ પંડાલનું આયોજન કરવા પર પ્રતિબંધ. - સ્થાપના /વિસર્જન સરઘસ યોજવા અંગેની પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાયના અન્ય રૂટ પર સરઘસ યોજવા પર પ્રતિબંધ. - નક્કી કરાયેલા વિસર્જન સ્થળો સિવાય અન્ય કોઈ દરિયા, નદી, તળાવ, કુદરતી જળ સ્ત્રોત કે નદીના ઓવારા ખાતે વિસર્જન કરવા પર પ્રતિબંધ. - મૂર્તિકારોએ વેંચાણમાં લીધેલ અથવા ખંડીત થયેલી મૂર્તિઓને સ્થાપના દિવસ બાદ બિનવારસી હાલતમાં મૂકવા પર પ્રતિબંધ - મૂર્તિકારોએ મૂર્તિ જે જગ્યાએ વેંચાણ માટે રાખનાર છે, તે જગ્યાની આજુ બાજુ ગંદકી કરવા પર પ્રતિબંધ - મૂર્તિ બનાવટમાં પાણીને નુકસાનકારક ઝેરી કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ.

ચોરીની બાઈક સાથે આરોપીને પકડતા એક મોટી સફળતા

સુરતમાં ડુપ્લિકેટ આરસી બૂકથી બાઈક વેચવાનું મોટું રેકેટ ઝડપાયુ

સુરત, તા.૪

ઉત્રાણ પોલીસની ટીમે ચોરીની બાઈક સાથે આરોપીને પકડતા એક મોટી સફળતા હાથ લાગી હતી. આરોપીઓ આરટીઓ એજન્ટ અને ગેરેજવાલા સાથે મળીને બાઈકની બોગસ આરસી બુક બનાવડાવી વેચી દેતા હતા. પોલીસે કુલ ૬ આરોપીઓની ધરપકડ કરી એકને વોન્ટેડ જાહેર કર્યા હતા. ઉત્રાણ પોલીસની ટીમને ફિરોઝ તથા બીજો મારવાડી ચોરીની બાઈક લઈને ઉત્રાણ વીઆઈપી સર્કલ પાસે ચામુંડા ચાની દુકાન પાસે ઉભા હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે ઉત્રાણ ફિરોઝખાન સલીમખાન પઠાણને તેની પાસેની બાઈક (જીજે-૦૫-પીએફ-૩૩૫૯) સાથે ઝડપી પાડ્યો હતો. તેના બાઈકના ડૉક્યુમેન્ટ ચેક કરતા વાહન માલિક બાબતે પુછપરછ કરી હતી. દરમિયાન અસલ માલિકના નામઠામ વાળી આરસી બુક ડુપ્લિકેટ જણાઈ આવી હતી. આ અંગે તપાસ કરતા ચોરીની બાઈકના બોગસ આરસી બૂક બનાવી તેને વેચવા માટે ચાલી રહેલા કૌભાંડનો પર્દાફાશ થયો હતો. (૧) ફિરોઝખાન સલીમખાન પઠાણ (ઉ.વ.૩૨, ધંધો-ઓટો ગેરેજ રહે.સૈયાદભાઈ શેખના મકાનમાં ભાડેથી, દિલદારનગર અસ્નાવાડ સ્કુલ પાસે, ઓલપાડ જી.સુરત), (૨) વસીમ મહંમદ પટેલ (ઉ.વ.૩૧, ધંધો ગાડી લે વેચ રહે.અડાજણ દરગાહ કંપાઉન્ડ, દીપા કોમ્પ્લેક્ષની સામે, અડાજણ પાટીયા), (૩) ૧૫ વર્ષનો કિશોર, (૪) જય ઉર્ફે જીમ્મી વિજયભાઈ અછરા (ઉ.વ.-૩૧ ધંધો- ઓટો ગેરેજ રહે. રૂમ નં. ૫૪૮ સિંધી સમાજની વાડી સામેની ગલી, રામનગર, સિંધી કોલોની, રાંદેર), (૫) કપિલ ઈશ્વરલાલ કાપડીયા (ઉ.વ.-૪૨, ધંધો- આરટીઓ એજન્ટ રહે. ઘર નં. ૮૦૮ તક્ષશીલા એપાર્ટમેન્ટ, આનંદમહેલ રોડ, અડાજણ), (૬) અમીરસ ઉર્ફે અજય ચંન્દ્રકાંતભાઈ રાણા (ઉ.વ.-૨૮ ધંધો- લાઈન્સસ રીન્યુ છુટક કામ, રહે. રૂદરપુરા, મહાદેવશેરી, નવસારી બજાર), (૭) વોન્ટેડ આરોપી - હિતેશ ઉર્ફે બોબી હરેશભાઈ ખડુસકર. વધુ તપાસ કરતા બાળકિશોરે મોજશોખ માટે ઉત્રાણ એન્જલ સ્કવેરમાંથી બાઈકની ચોરી કરી હતી. બાદમાં બાઈક વેચવા માટે ઓએલએક્સ પર મુકી હતી. જે જોઈને બાઈક ખરીદવા માટે વસીમ પટેલે સંપર્ક કર્યો હતો. વસીમે તેણે ફિરોઝખાન સલીમખાન પઠાણને વેચી હતી. આ ફિરોઝખાન પઠાણે જય ઉર્ફે જીમ્મી અછરા દ્વારા બાઈકની ડુપ્લિકેટ આરસી બુક બનાવડાવી હતી. નોપારામ ખીમચંદ્ર પઢીયાર(મારવાડી) ને ડુપ્લિકેટ આરસી બુક અસલ દર્શાવી ચોરીની બાઈકના માલિક બની વેચી હતી. બોગસ આરસી બુક બનાવવામાં જય ઉર્ફે જીમ્મી અને હિતેશની સંડોવણી છે. જેમાં હિતેશને વોન્ટેડ જાહેર કરાયો છે. ચોરીની બાઈકનું ડુપ્લિકેટ આર.સી.બુક બનાવવાનુ કૌભાંડ તપાસ દરમ્યાન બહાર આવ્યું હતું. અને આ ડુપ્લિકેટ આર.સી.બુક બનાવમાં અન્ય ત્રણને પણ પકડી પાડ્યા હતા. જ્યારે આર.સી.બુક બનાવનારને વોન્ટેડ જાહેર કરાયો છે. તેમજ તેની દુકાનેથી ડુપ્લિકેટ આર.સી.બુક બનાવવાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે ચોરીની બાઈક, ૩ બોગસ આરસી બુક, ૫ મોબાઈલ ફોન, આરસી બુક બનાવવા માટે સ્માર્ટ કાર્ડ, ડીવીડી, બીલબુક, કટીંગ મશીન અને કોમ્પ્યુટર સિસ્ટમ સહિત ૧ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

સીઆર પાટીલને બદનામ કરતી પત્રિકા મામલો

સુરત જિલ્લા ભાજપ પ્રમુખે ત્રણ લોકોને સસ્પેન્ડ કર્યા

સમગ્ર મામલે ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈએ ક્રાઈમ બ્રાન્ચમાં અરજી આપ્યા બાદ ગઈકાલે ફરિયાદ નોંધી

સુરત, તા.૪

ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ પર ગંભીર આક્ષેપો કરતી પત્રિકા મામલે સુરત જિલ્લા ભાજપના પ્રમુખે ૩ લોકોને સસ્પેન્ડ કર્યા છે. અત્રે જણાવીએ કે, અગાઉ પોલીસે આ મામલે ૩ લોકોની અટકાયત પણ કરી હતી. ક્રાઈમ બ્રાન્ચે ગણપત વસાવાના પીએરાકેશ સોલંકીની ધરપકડ કરી હતી. આ ઉપરાંત ૨ કર્મચારી દીપુ યાદવ અને ખુમાનસિંહ પટેલની પણ ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ હવે જિલ્લા ભાજપે કાર્યવાહીનો ધમધમાટ ચલાવ્યો છે.

સુરત જિલ્લા ભાજપના પ્રમુખે ઉમરપાડાના ભાજપ પ્રભારી રાકેશ સોલંકીને સસ્પેન્ડ કર્યા છે. તેમજ તરસાડી નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ હરદીપસિંહ અટોદરિયા તેમજ તરસાડી નગર ભાજપ પ્રમુખ દેવેન્દ્રસિંહ ચૌહાણને પણ ભાજપમાંથી સસ્પેન્ડ કર્યા છે. જિલ્લા ભાજપ પ્રમુખ ભરત રાઠોડે ત્રણેયને પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે. આપને જણાવી દઈએ કે, સમગ્ર મામલે ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈએ ફરિયાદ કરી હતી.

તપાસમાં એવું સામે આવ્યું હતું કે, રાકેશ સોલંકીએ પોતાની ઓફિસમાં પેનડ્રાઈવ તૈયાર કરી હતી. અન્ય બે પત્ર પણ પોતાની ઓફિસમાં જ કોમ્પ્યુટરમાં તૈયાર કરાવ્યા હતા. દીપુ યાદવ, ખુમાનસિંહે પેનડ્રાઈવ અને પત્રો નેતાઓને પોસ્ટ કર્યા હતા. પત્રો ભરૂચ તથા પાલેજથી જુદા જુદા નેતાઓને પોસ્ટ મારફતે મોકલવામાં આવ્યા હતા. રાકેશ સોલંકીએ કોના ઈશારે કામ કર્યુંએ દિશામાં ક્રાઈમ બ્રાન્ચ તપાસ કરી રહી છે. આગામી દિવસોમાં મોટા રાજકીય ધડાકા અને ખુલાસા થવાની શક્યતા છે.ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલ, મંત્રી મુકેશ પટેલ, ધારાસભ્ય સંગીતાબેન પાટીલ અને સંદીપ દેસાઈને બદનામ કરતી એક પેન ડ્રાઈવ અને પત્રો ફરતા કરાયા હતા. આ સમગ્ર મામલે ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈએ ક્રાઈમબ્રાન્ચમાં અરજી આપી હતી. જે બાદ ક્રાઈમ બ્રાન્ચે ગઈકાલે ફરિયાદ નોંધી હતી.

પાવાગઢમાં બે લોકો ૧૦૦ ફૂટ ઉંડી ખીણમાં ખાબક્યા

પંચમહાલ, તા.૪

પંચમહાલમાં આવેલા પાવાગઢમાં બે લોકો ખીણમાંથી પટકાયા હોવાની ઘટના સામે આવી હતી. જે બાદ પોલીસ અને ફોરેસ્ટ વિભાગે બંનેના લોકેશન શોધીને રેસ્ક્યુની કામગીરી હાથ ધરી. હેલિકવ વાવ પાછળ આવેલા ડુંગરા પરથી પુરૂષ અને મહિલા બંને ૧૦૦ ફૂટ ઉંડી ખીણમાં પટકાઈ ગયા હતા. ગઈ કાલથી જ બંને પોલીસના ટેલિફોનિક સંપર્કમાં હતા, પરંતુ બંનેમાં વ્યક્તિ પાસે સાદો કીપેડ વાળો મોબાઈલ હોવાથી તેમનું લોકેશન ટ્રેસ ન થઈ શક્યું હતું. જે પછી પોલીસ અને ફોરેસ્ટ વિભાગે સમયસર બંનેને શોધીને બચાવ કામગીરી હાથ ધરી હતી. ખીણમાં પડી જતા પુરૂષ અને મહિલા બંનેને ગંભીર ઈજા પહોંચી છે.

ચ-માર્ગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રિંગ રોડ પરના ટ્રાફિકનું ભારણ પણ ઘટશે જેને પગલે આ વિસ્તારના નાગરિકોમાં રાહતની લાગણી પ્રસરવા પામી છે. પાટનગરમાં લાંબા સમયથી મેટ્રોએલ ની કામગીરીના પગલે માર્ગ ઉપર ચ-૨ સર્કલેથી ચ-૩ તરફ જવાનો માર્ગ બંધ કઈ દેવાયો હતો જેના કારણે ચ-રોડ પરના વાહનોને સેક્ટર-૭માં ડાયવર્ટ કરવામાં આવ્યા હતા જયારે સચિવાલય તરફ જતા વાહનો ચ-૦થી જ વળીને "જ" માર્ગ પરથી જાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ કારણે વાહનચાલકોને લાંબા સમયથી હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. વળી, સે.૭માંથી બાયપાસ કરાયેલા વાહનોને કારણે સે.૭ના રહીશો પણ સેક્ટરના આંતરિક માર્ગો પર ટ્રાફિક વધવાને કારણે ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા હતા. હવે આજથી ગાંધીનગરના ચ રોડના ઉપયોગકર્તાઓ માટે સારા સમાચાર છે કે મેટ્રો રેલના કામને માટે થઈને ચ-૨ સર્કલથી સે.૭/૮ ચાર રસ્તા સુધીનો રોડ જે બંધ કરાયો હતો તે ખુલ્લો મુકાયો છે એટલે હવે ચ રોડ ઉપર ચ-૦ સર્કલથી સચિવાલય સુધી આવી શકાશે. ખાસ કરીને અમદાવાદ તરફથી આવતા સચિવાલય કે સે.૧૦ના અન્ય સરકારી ભવાનોના કર્મચારીઓને ચ-રોડ સંપૂર્ણ ખુલ્લો થવાથી ઘણી રાહત મળશે.

મારી માટી-મારો દેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવાનોના નામાવલી અંકિત કરાશે. દરેક ગામને અમૃત વાટિકા માટે નજીકની નર્સરીમાંથી રોપા સરળતાથી મળી રહે તે માટે વન સંરક્ષકની કચેરી દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. ગ્રામ્ય કક્ષાએ યોજાનાર કાર્યક્રમમાં શહીદોના પરિવારનું સન્માન કરવા સાથે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. જિલ્લા કલેકટરે ઉમેર્યું હતું કે, તાલુકા કક્ષાના કાર્યક્રમનો આરંભ તા. ૧૮મી ઓગસ્ટથી કરવામાં આવશે. તમામ તાલુકામાં યોજાનારા કાર્યક્રમનું સુચારું આયોજન કરવામાં આવી રહ્યું છે. તાલુકા કક્ષાના કાર્યક્રમમાં તાલુકાના તમામ ગામના લોકો પોતાના ગામમાંથી માટી ભરેલ કળશ લઈ આ કાર્યક્રમમાં આવશે. તાલુકા કક્ષાના કાર્યક્રમ દરમ્યાન જિલ્લા પોલીસ તંત્ર દ્વારા તમામ તાલુકામાં પોલીસ માર્ચ પાસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. તેની સાથે તમામ શાળામાં રેલી, પ્રભાતફેરી, વૃક્ષારોપણ, ચિત્ર સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. નગરપાલિકા અને તાલુકા કક્ષાનો કાર્યક્રમ અલગ અલગ યોજાશે. તેની સાથે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં પણ આ કાર્યક્રમનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર જિલ્લામાં રાષ્ટ્ર ભાવના ઉજાગર કરવા માટે ' હર ઘર તિરંગા ' અંતર્ગત ૬૦ હજાર જેટલા રાષ્ટ્ર ધ્વજનું વિતરણ કરવામાં આવશે. આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં સર્વે નાગરિકોને સહભાગી બનવા માટે પણ કલેકટરે અપીલ કરી છે.

આ બેઠકમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષ મકવાણા, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય જે.એસ.પટેલ, ગાંધીનગર(દ)ના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ, નિવાસી અધિક કલેકટર ભરત જોષી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી જાનવીબેન પટેલ સહિત વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વસવાટ કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વસાહતીઓ દ્વારા એવી પણ માંગણી કરાઈ છે કે બિલ્ડર સાથે ડોકયુમેન્ટનું લખાણ ના થાય ત્યાં સુધી તેઓને અહીં જ વસવાટ કરવા દેવામાં આવે. સે-૧ ઉના પુષ્પક એપાર્ટમેન્ટના વસાહતીઓએ મેયર તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓને પત્ર પાઠવી રૂબરૂ મુલાકાત કરી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા માંગ કરી છે. અહીં વસવાટ કરતાં બાળકોનો અભ્યાસ શાળામાં ચાલી રહયો છે તેમજ લાઈટ પાણી અને અન્ય સુવિધાઓના અભાવે અહીં રહેતી ગર્ભવતી મહિલાઓ તેમજ સીનીયર સીટીઝનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી શકે છે. ત્યારે કરાર ના થાય ત્યાં સુધી આ વસાહતીઓને વસવાટ કરવા દેવા માટે વ્યવસ્થા ચાલુ રાખવા કોર્પોરેશન સમક્ષ માંગણી કરવામાં આવી છે.

જીવવું જોઈએ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દરમિયાન સમગ્ર દેશમાં ''મારી માટી, મારો દેશ - માટીને નમન, વીરોને વંદન'' અભિયાન હાથ ધરવામાં આવશે. માતૃભૂમિને સમર્પિત આ ઝુંબેશ હેઠળ દેશભરની તમામ એટલે કે, ૨.૫ લાખથી વધુ ગામની માટી એકઠી કરીને તેને રાજધાની દિલ્હીના કર્તવ્ય પથ સુધી લાવીને ''આઝાદી કા અમૃત મહોત્સવ સ્મારક'' તેમજ ''અમૃતવાટિકા'' નું નિર્માણ કરવામાં આવશે. આ સ્મારક આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનું સ્મૃતિસ્થળ અને સાથે જ દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનાર વીરસપૂતો માટે સાચી શ્રદ્ધાંજલિ હશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પણ ''મારી માટી, મારો દેશ'' ઝુંબેશ હેઠળ આગામી તા. ૯ થી ૨૫મી ઓગષ્ટ દરમિયાન વિવિધ સ્થાનિક કાર્યક્રમો અને માટીયાત્રાઓનું આયોજન કરવામાં આવશે. આ અભિયાનના ભાગરૂપે દરેક ભારતીય માતૃભૂમિની માટી, વીર જવાનો પ્રત્યે આદર દર્શાવવા મુઠ્ઠી ભરીને માટી અને માટીનો દીવો સમર્પિત કરશે. પંચ પ્રણ દ્વારા શપથ લઈને રાષ્ટ્ર નિર્માણનું વચન આપશે અને આ અભિયાનની વેબસાઈટ પર સેલ્ફી પણ અપલોડ કરશે.

શિલારોપણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પંજાબમાં ૨૨, ગુજરાત અને તેલંગાણામાં ૨૧-૨૧, ઝારખંડમાં ૨૦-૧૮, આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં ૧૮-૧૮ સ્ટેશનોનો સમાવેશ થાય છે. હરિયાણામાં ૧૫, કર્ણાટકમાં ૧૩ સામેલ છે. પુનર્વિકાસથી મુસાફરોને આધુનિક સુવિધાઓ પ્રદાન થશે તેમજ સારી રીતે ડિઝાઈન કરવામાં આવેલા ટ્રાફિકનું પરિભ્રમણ, આંતર-મોડલ સંકલન અને મુસાફરોનાં માર્ગદર્શન માટે સારી રીતે ડિઝાઈન કરવામાં આવેલા સંકેતો પણ સુનિશ્ચિત થશે. સ્ટેશનની ઈમારતોની ડિઝાઈન સ્થાનિક સંસ્કૃતિ, વારસો અને સ્થાપત્યથી પ્રેરિત હશે.

સુપ્રીમની મંજૂરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુસ્લિમ પક્ષની અપીલ પર સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે, એએસઆઈએ રામ મંદિર વિવાદમાં સર્વે પણ કર્યો હતો. આખરે એએસઆઈના સર્વેમાં શું વાંધો છે? અમે ખાતરી કરીશું કે સર્વેક્ષણથી કેમ્પસને કોઈ નુકસાન ન થાય. તમને જણાવી દઈએ કે વારાણસીની જિલ્લા અદાલતે એએસઆઈદ્વારા સર્વે કરાવવાનો આદેશ આપ્યો હતો, જેને હાઈકોર્ટે માન્ય રાખ્યો છે. આ પછી હવે સુપ્રીમ કોર્ટે પણ તેને મંજૂરી આપી દીધી છે.

હાજર થયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓનર્સ કર્યા બાદ અમેરિકન યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટન કોલેજ ઓફ લોમાંથી જેડી કર્યું હતું. આ સાથે જ ઉપાધ્યાયે ક્રિમિનલ જસ્ટિસ ક્લિનિકમાં તેમના ટ્રાયલ કાર્યમાં વિશિષ્ટતા હાંસલ કરી હતી. આ સિવાય તે એડમિનિસ્ટ્રેટિવ લો રિવ્યૂના સભ્ય પણ રહી ચૂક્યા છે. વોશિંગ્ટન સ્કૂલમાંથી સ્નાતક થયા બાદ તેમણે ડીસી કોર્ટ ઓફ અપીલ્સના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ એરિક ટી. વોશિંગ્ટન સાથે કામ કર્યું હતું.